॥ ૐ શ્રી સાઈરામ ॥
॥ ૐ શ્રી સાઈ પુરુષોત્તમાય નમ: ॥ (૮૨).
સર્વશ્રેષ્ઠ પુરુષ હોવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.
જે દેહરૂપી નગરીમાં નિવાસ કરે છે.

યસ્માત્સરમતીતોડ હમક્ષરાદપિ ચોત્તમ: ।
અતોડસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમ: ॥

ભાવાર્થ:-જે અર્થે હું પરમાત્મા ક્ષર પુરુષથી પર છું અને અક્ષર પુરુષ કરતા શ્રેષ્ઠ છું. તેથી લોકમાં અને વેદોમાં હું ' પુરુષોત્તમ ' નામથી પ્રસિદ્ધ છું.

શ્રી સાઈએ એક ભોળા ખેડૂત પર કેવી રીતે કૃપા કરી તેની આ એક કથા. ગુજરાતમાંના મકવાણા નામના ગામડામાં રતુદાન ગઢવી નામનો એક અત્યંત સાદો અને ગરીબ ખેડૂત રહેતો હતો. દુષ્કાળને લીધે તેના અને અન્ય ખેડૂતોના જાનવરોના હાલબેહાલ થયા હતા. આમાંથી કાંઈક ઉપાય કાઢવાની આશાથી તે તેના એક સગાને ત્યાં જે રાજકોટના લિંબોડી ગામમાં રહેતા હતા તેમને ત્યાં ગયો. તેમનું નામ ગુલાબદાસ બારોટ.

ગુલાબદાસ બારોટ એ સ્વામીના ભક્ત હતા. તેમજ તેમના ઘરે ‘ સત્યસાઈ કેંદ્ર ' ની સ્થાપના થઈ હતી. જેમાં ભજન, નગર સંકીર્તન જેવા ઉપક્રમ ચાલતા હતા. રતુદાનની વ્યથા સાંભળીને ગુલાબદાસે તેને એક ઉપાય કહ્યો કે સ્વામીની અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરીને તેમની વિભૂતિ આખા ખેતરમાં નાંખવી. રતુદાન એ અત્યંત સાદો અને ભોળો માણસ હતો તે છતાં તે સ્વામીને ભગવાન માનવા માટે તૈયાર ન હતો કારણ કે તેના મનના ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા સાથે સ્વામીનું બાહ્ય સામ્ય ધરાવતું ન હતું. પરંતુ ગરજુ હોવાથી તેણે ગુલાબદાસે કહ્યા મુજબ જ કર્યું.

અહો આશ્ચર્યમ! તે વર્ષે ઘણો વરસાદ થયો અને મબલખ પાક થયો. સ્વામી વિશેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તે પહેલા રેલવે નો પ્રવાસ કરીને પૂટ્ટપર્તી પહોંચ્યો અને સ્વામીએ તેને મુલાકાત માટે બોલાવ્યો. મુલાકાત સમયે સ્વામી તેને બોલ્યા - " તું બધાને કહે છે, આવી કેશ ભાર ( વાળ ) વાળી વ્યક્તિ મારો મુરલીધર શ્રીકૃષ્ણ હોઇ જ ન શકે. કેમ બરાબરને? " રતુદાન બોલ્યો-"હા બાબા બરાબર છે' ત્યારે સ્વામી બોલ્યા, ‘ અહીંયાં જો. " અને તેને સ્વામીનું પરિવર્તન મુરલીધર શ્રીકૃષ્ણમાં થયેલું દેખાયું. રતુદાને અર્થપૂર્ણ નેત્રથી સ્વામીના -ચરણમાં સાષ્ટાંગ દંડવત્ કર્યા અને બોલ્યો-'બાબા મને ક્ષમા કરો. અને ભક્તિ પ્રદાન કરો.' ' ત્યારે સ્વામી બોલ્યા-‘ ‘ મેં આ દર્શન તને તારી ભક્તિને લીધે આપ્યા નથી, પરંતુ તારું સંપૂર્ણ પરિવર્તન થાય તેના માટે આપ્યા છે. તું તારો પહેલાંનો ધંધો પૂરી રીતે છોડવાનો છે કે નહીં?' રતુદાને પૂછ્યું “ક્યો ધંધો' ' સ્વામી બોલ્યા-“ સાચું બોલ, તું લૂંટમાર કરીને માણસોને મારતો હતો કે નહીં? ' પશ્ચાતાપ યુક્ત

થયેલા રતુદાને ફરીથી સ્વામીને સાષ્ટાંગ દંડવત્ કર્યા. ત્યાર પછી સ્વામીએ વિભૂતિ આપીને તેને પાછો મોકલ્યો. મુલાકાત કક્ષ માંથી બહાર આવનારો રતુદાન અંતર્બાહ્ય બદલાયેલો હતો. તેના ઘરમાં આગળ જતા ' સત્ય સાઈ કેન્દ્ર ની સ્થાપના થઈ.

બીજી વાત છે એક ઓસ્ટ્રેલિયન મહિલા ભક્તની, જેણે મુલાકાત સમયે સ્વામીની પરવાનગીથી તેમનો ફોટો લીધો હતો. પોતાના દેશમાં પાછા ગયા પછી તેણે જ્યારે ફોટો ડેવલપ કર્યો, ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો, કારણ કે તેમાં સ્વામી પુરુષોત્તમ શ્રીકૃષ્ણના રૂપમાં દેખાતા હતા.

ભગવાન કહે છે –

યો મામેવમ સંમૂઢો જાનાતિ પૂરૂષોત્તમમ ।<br>
સ સર્વવિદભજતિ માં સર્વભાવેન ભારતા ॥

ભાવાર્થ-હે ભારત (અર્જુન) જે મનુષ્ય મોહ વિનાનો થઈને મને ઉપર મુજબ ' પુરુષોત્તમ ' સ્વરૂપે જાણે છે, તે સર્વજ્ઞ પુરુષ, સર્વત્ર હું જ સમાયેલો છું એવી ભાવનાથી મારી ઉપાસના કરે છે.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||